Liberty Equality Fraternity

# Babasaheb Dr. B. R. Ambedkar Centre

(Estb. : Govt. of Gujarat)

Saurashtra University, Rajkot-5

Re-Accredited Grade 'A' by NAAC

Prof. (Dr.) Raja N. Kathad
*Chairman*

Ref. BAC/ 58 /2017 Date : 29/ 09 / 2017

**બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર–સેન્ટર**
**(ગુજરાત સરકારશ્રી દ્વારા સ્થાપિત)**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ–૩૬૦૦૦૫**
**બીએસી/એવોર્ડ ફેલોશીપ/૫૦/૨૦૧૭, તા. ૨૮/૦૯/૨૦૧૭**

વંચાણે લીધા

(૧) ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ઠરાવ ક્રમાંક–અબડ/૧૦૨૦૧૬/૬૩૭૦૫ /હ (IWDMS/:-71550) સચિવાલય ગાંધીનગર તા.૨૯/૦૪/૨૦૧૬

(૨) ન.અજાક ગ–૧/૧/૨૦૧૭–૧૮/૨૨૫૪–૫૮ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય ગાંધીનગર, તા.૨૦/૦૫/૨૦૧૭

(૩) ચેર–સેન્ટરની તા.૧૮/૦૯/૨૦૧૭ની પ્રથમ સલાહકાર સમિતિમાં થયેલા નિર્ણયો.

ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા સ્થાપિત બાબાસાહેબ ડૉ. બી.આર. આંબેડકર ચેર–સેન્ટરની માર્ગદર્શિકા મુજબ ચેર–સેન્ટરની પ્રથમ સલાહકાર સમિતિની બેઠકમાં થયેલા નિર્ણય અનુસાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં M.Phil, Ph.D માં સંશોધન માટે નોંધાયેલા સંશોધકો અને અધ્યાપકો દ્વારા ભારતીય સંવિધાનના નિર્માતા, રાષ્ટ્રપુરુષ બાબાસાહેબ ડૉ. ભીમરાવ રામજી આંબેડકરજીનાં જીવન, કાર્યો અને તત્ત્વજ્ઞાન ઉપર સંશોધન કરનારને ચેર–સેન્ટર દ્વારા નીચેના નિયમો અને શરતો અનુસાર એવોર્ડ / સ્પેશિયલ ફેલોશીપ એવોર્ડ આપવાનું ઠરાવવામાં આવ્યું છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | **યોજનાનું નામ** | : | Babasaheb Dr. B.R. Ambedkar special Fellowship Research Award for M.Phil |
| | **ફેલોશીપની રકમ** | : | રૂા. ૧૦ હજાર (એક વાર) |
| | **ફેલોશીપની સંખ્યા** | : | ૦૫(પાંચ) |
| | **લાયકાત** | : | અનુસ્નાતકમાં પ્રથમ વર્ગ |
| | **પસંદગીની પદ્ધતિ** | : | રૂબરૂ મુલાકાત યોજી વિષયનિષ્ણાત દ્વારા પસંદગી |

| | | | |
|---|---|---|---|
| ૨. | **યોજનાનું નામ** | : | Babasaheb Dr. B.R. Ambedkar special Fellowship Research Award for Ph.D |
| | **ફેલોશીપની રકમ** | : | રૂા. ૨૫ હજાર (એક વાર) |
| | **ફેલોશીપની સંખ્યા** | : | ૦૨(બે) |
| | **લાયકાત** | : | અનુસ્નાતકમાં પ્રથમ વર્ગ અથવા M.Phil |
| | **પસંદગીની પદ્ધતિ** | : | રૂબરૂ મુલાકાત યોજી વિષયનિષ્ણાત દ્વારા પસંદગી |

| | | | |
|---|---|---|---|
| ૩. | **યોજનાનું નામ** | : | Babasaheb Dr. B.R. Ambedkar Award for Research |
| | **ફેલોશીપની રકમ** | : | રૂા. ૫૦ હજાર (એક વાર) |
| | **ફેલોશીપની સંખ્યા** | : | ૦૫(પાંચ) |
| | **લાયકાત** | : | અનુસ્નાતકમાં પ્રથમ વર્ગ અથવા એમ.ફિલ અથવા પીએચ.ડી. |
| | **પસંદગીની પદ્ધતિ** | : | રૂબરૂ મુલાકાત યોજી વિષયનિષ્ણાત દ્વારા પસંદગી |

Address : Department of Sanskrit, Saurashtra University Campus-Rajkot-360 005. Gujarat.
E-mail : ambedakarchair@yahoo.com., rnkathad@yahoo.in Mo. : 96876 92951

:: નિયમ ::

(૧) બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર ચેર–સેન્ટર દ્વારા પ્રતિવર્ષ આ એવોર્ડની જાહેરાત કરી અરજી મગાવવામાં આવશે. જાહેરાત અનુસાર સંશોધકો પાસે દરખાસ્ત મંગાવી અને આવેલ દરખાસ્તમાંથી ચેર–સેન્ટર દ્વારા નિયુક્ત વિષયનિષ્ણાત સમિતિ દ્વારા ઈન્ટરવ્યૂ લઈ સંશોધક પ્રોજેક્ટ અને એવોર્ડ માટે સંશોધકની પસંદગી કરવામાં આવશે.

(૨) આ એવોર્ડયોજના મુજબ નિયત સમયમર્યાદામાં સંશોધન પૂર્ણ કરી સોફ્ટ કોપીમાં અને હાર્ડકોપીની બે નકલ ચેર–સેન્ટરમાં જમા કરાવવાની રહેશે. આ સંશોધનના કોપી–રાઈટના હક્ક ચેર–સેન્ટરના રહેશે.

(૩) M.Phil/Ph.D માટેના સંશોધકને Babasaheb Dr. B.R. Ambedkar special Fellowship Award એવા નામથી આપવામાં આવશે. આ ફેલોશીપ એવોર્ડ એક વિશેષ પ્રકારના સંશોધન માટેનો હોય તેથી અન્ય સ્કોલરશીપની સાથે લઈ શકશે.

(૪) આ સંશોધન એવોર્ડ અને ફેલોશીપ એવોર્ડ દ્વારા થનાર સંશોધન દરમ્યાન સંશોધકે સાહિત્યિકચોરી (Plagiarism) અંગેના નિયમનું પાલન કરવાનું રહેશે અર્થાત્ યુજીસી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંશોધન અંગેના જે નિયમો અને પદ્ધતિ હોય તેનું પાલન કરવાનું રહેશે.

(૫) આ ફેલોશીપએવોર્ડ પૂર્ણ સમયના M.Phil, Ph.D ની ડિગ્રીના ભાગ રૂપે તૈયાર કરવામાં આવતા લઘુશોધ નિબંધ અને મહાશોધ નિબંધના વિષયો(શીર્ષક) બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકરજીના જીવન, કવન અને તત્ત્વજ્ઞાન સબંધિ હોવા જરૂરી છે.

(૬) રૂબરૂ વિષય નિષ્ણાત દ્વારા પસંદગી પામેલા સંશોધકોને ફેલોશીપની ચુકવણી બે તબક્કામાં કરવામાં આવશે પ્રથમ ૫૦% રકમ સંશોધકના બેંક એકાઉન્ટમાં જમા આપવામાં આવશે. સંશોધન પ્રોજેક્ટ/ M.PhiL, Ph.D ના નિબંધ સોફ્ટકોપી અને હાર્ડકોપીમાં બે નકલમાં યુનિવર્સિટીના નિયમાનુસાર ચેર–સેન્ટરમાં જમા કરાવ્યા બાદ બાકી રહેતી રકમ સંશોધકના બેંક એકાઉન્ટમાં જમા આપવામાં આવશે.

(૭) Babasaheb Dr. B.R. Ambedkar Award for Research માટે શોધછાત્રો અને અધ્યાપક અરજી કરી શકશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંશોધકોને પ્રાધાન્ય આપવામાં આવશે.

(૮) આ સંશોધન એવોર્ડ અને ફેલોશીપની ગ્રાન્ટ ગુજરાત સરકારશ્રીના અનુ.જાતિ કલ્યાણ વિભાગ, ગાંધીનગર દ્વારા આપવામાં આવતી હોય, તેથી ગુજરાત સરકારશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને ચેર–સેન્ટરના વખતો–વખતના નિયમો અને શરતો બંધન કરતા રહેશે.

ચેરમેન
બાબા સાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ (ગુજરાત)

**સવિનય નકલ રવાના**

૧. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૨. કેબિનેટ મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૩. કુલપતિશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
૪. નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણ વિભાગ, ગાંધીનગર
૩. કુલસચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૪. ભવનના અધ્યક્ષશ્રીઓ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૫. સલાહકાર સમિતિના સભ્યશ્રીઓ, બાબાસાહેબ ડૉ. આંબેડકર ચેર–સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.